અપીલ અરજી નં.૨૬૯ તા.૨૫–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નટુભાઈ પટેલ
સામાવાળાઃ–આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ શ્રી નટુભાઈ પટેલની તા.૪–૧૦–૧૦ ની અરજીથી કલેકટરશ્રી, જિલ્લા પંચાયત અને સુરત મ્યુ. કમિ.શ્રીને સંબોધીને કલેકટરશ્રીને કરેલી અરજી સામે તા.૨૫–૧૧–૧૦ ના રોજ પ્રથમ અપીલ અધિકારી મુ.જિ.આ. અધિકારીની નકલ અત્રે મોકલવામાં આવેલ. સદર અરજદારની મુળ અરજી મળેલ હોય તો આપેલ માહિતીની વિગત અને જો ન મળેલ હોય તો આ અપીલ સાથેની મુળ અરજી સંદર્ભે માહિતી આપી આપેલ માહિતીની વિગત આપવા બાબત.

સંદર્ભઃ– તા.૨૫–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૬૯/૨૦૧૦–૧૧ અપીલ

અરજદારે તા.૪–૧૦–૧૦ ની **PC&PNDT ACT** અંગેની માહિતી માંગતી અરજી કલેકટરશ્રી સુરત જિલ્લા /સુરત મ્યુ. કમિ.શ્રી/સુરત જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયતને સંબોધતી અરજી કલેકટરશ્રી જન સંપર્ક વિભાગને કરવામાં આવેલ. જેની માહિતી સામે તા.૨૫–૧૧–૧૦ ના રોજ કલેકટર, સુરત મુખ્ય કમિ.શ્રી ગુજરાત રાજય માહિતી આયોગ મ્યુ. કમિ.શ્રી રાજય પીએનડીટી સેલ રાજય આરોગ્ય વિભાગને સંબોધતી અપીલની એક નકલ સેન્ટ્રલઝોન સુરત મહાનગરપાલિકા ખાતે મળેલ છે. જેમાં માહિતી અંગેની વિગતો નહીં મળવાના કારણે અરજદારે નારાજ થઈ મ્યુ. કમિ. શ્રીને અપીલ અરજી કરેલ છે

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપના વિભાગને અરજદારની મૂળ અરજીતા.૪–૧૦ – ૧૦ ની અરજી કે તબદીલી અંગેનો પત્ર મળેલ હોય તો અને જો માહિતી આપેલ હોય તો તેની નકલ, જો અરજી કે તબદીલ પત્ર ન મળેલ હોય તો તો આ અપીલ સાથેની અરજી ધ્યાને લઈ અરજદારને જોગવાઈ અનુસાર માહિતી પૂરી પાડયા બાદ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથેં અપીલના મુદ્દા અંગે આપનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૧૦ થી ૨–૧૨–૧૦ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તા.૪–૧૦–૧૦ ની સુરત મહાનગરપાલિકામાં અરજી આપ્યા અંગેની વિગત કે અન્ય સત્તા મંડળ તરફથી સુરત મહાનગરપાલિકાને જો અરજી તેમની જાણ હેઠળ તબદીલ થયેલ હોય તો તેના પત્રની નકલો અત્રે મોકલી આપવા જણાવવામાં આવેલ સાથે જિલ્લા કલેકટર કચેરી અને જીલ્લા પંચાયત કચેરી કક્ષાએ પણ સરખા પત્ર નંબરથી શ્રી નટુભાઈ પટેલની તેઓના સત્તા મંડળને કરેલ અરજી બાબતે તા.૨૫–૧૧–૧૦ ના રોજ અપીલ અધિકારી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને કરેલ અરજીની નકલ અત્રે મોકલેલ છે. જે બાબતે અપીલ ચલાવવા અરજદારે તા.૪–૧૦–૧૦ ના રોજ કરેલ મુળ અપીલ અરજી અત્રેના સત્તા મંડળને તબદીલ કરેલ હોય તો તેની નકલ અથવા તબદીલ થયેલ ન હોય તો તે મુજબની હકીકત જણાવવા વિનંતી પણ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) સુરત મહાનગરપાલિકા તરફથી તા.૪–૧૨–૧૦ ના રોજ પૂરક વિગતો તથા અરજદારની મુળ અરજીની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ કલેકટરશ્રી નાનપરા અને સુરત જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત સુરત તરફથી પણ કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૧૦–૧૦ ની અરજીથી **PC&PNDT ACT** અંગેની માહિતી માંગતી અરજી કલેકટરશ્રી સુરત જિલ્લા /સુરત મ્યુ. કમિ.શ્રી/સુરત જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયતને સંબોધતી અરજી કલેકટરશ્રી જનસંપર્ક વિભાગને નાણા ભરી કરવામાં આવેલ. જેની એક નકલ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીની કચેરીએ આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ થી ૬ ની Pre- Conception and prental diagnostic techniqdes Act. (**PC&PNDT ACT)** અંગે સુરત જિલ્લામાં કલેકટરશ્રીના તાબામાં આવતી અને થયેલી કામગીરીઓ અંગેની માહિતીની માંગણી કરતી મુદ્દા નં.૧ Apprepriate Authority તરીકે કોણ છે? કમિટીના અન્યોના નામ,સરનામા અને ફોન અને **PC&PNDT ACT** ાના પાલન માટે રચાયેલ Advisory Committee ની નિયુકિતઓ તેમજ **PC&PNDT** સેલની રચના કરાયેલી હોય તો તે તમામ વિગતો સુરત જિલ્લા, કોર્પોરેશન, તાલુકા વિસ્તારની આપવા વિનંતી. મુદ્દા નં.(૨) ડોકટર્સ, રેડીયોલોજીસ્ટ અલ્ટા સાઉન્ડ મશીન, સોનોગ્રાફી કેન્દ્રો મોબાઈલ અલ્ટ્રા સાઉન્ડ મશીનો વિગેરેની આજ દિન સુધી થયેલ નોંધણીની યાદી નામ સરનામાં ફોન નંબર મશીનની વિગતો મશીન નોંધાયેલ સ્થળ વિગેરે . મુદ્દા નં.(૩) **PC&PNDT ACT** ના પાલન ન કરવા કે તેની જોગવાઈઓની કચાશ વિગેરે બાબતે આજ દિન સુધી થયેલ કાર્યવાહી હોસ્પિટલ, ડોકટરોના નામ, સરનામાં તેમજ કેસની સ્થિતિ , મશીનની સ્થિતિ જે તે વિસ્તારના જવાબદાર નિયુકત અધિકારીના નામ સરનામાં ફોન નંબરની વિગતો આપવી. મુદ્દા નં.(૪) સુરત જિલ્લા ગ્રામ્ય, બ્લોક, તાલુકા, વોર્ડ વિગેરે સ્થળની જીએસઆરકો. –૬ (બાળ જન્મ રેશીયો ૬ વર્ષ સુધીની ઉંમરના ગર્લ્સ, બોય ) ના છેલ્લા ૫ વર્ષની ડેટા જે જનમ મરણ નોંધણી આધારેના

તેમજ રસીકરણ કાર્યક્રમ અન્વયેના સ્કુલમાં દાખલ થયાના ડેટા આધારે પત્રકો વિગતવાર આપવા. મુદ્દા નં.(૫) ફીમેલ પ્રેગનન્ટ સ્ત્રીના **PC&PNDT ACT** હેઠળના નિયમ મુજબના ભરેલ 'એફ' ફોર્મની ડોકટર, રેડીયોલોજીસ્ટ કે સોનોગ્રાફી, અલ્ટ્રા સાઉન્ડ, મશીનની સેન્ટર સરનામા સાથેની પેશન્ટનું નામ તારીખ થયેલ ચકાસણી અને પ્રેગનન્ટ હોય તો તેની સ્થિતિ માસ, બાળક, જન્મ થયો હોય તો તેની જાતિની વિગત સરનામાં ફોન નંબર સાથેની પત્રક બનાવી આપવા. મુદ્દા નં.(૬) **PC&PNDT ACT** ના અમલમાં વીઝીટ, ઈન્સ્પેકશન, રેડ, સેઈઝર કે સુઓમોટું સ્વયં પ્રેરિત કરાયેલ કાર્યવાહીઓની ડોકટર્સ, મશીન વિગત સાથેની વિગતો આજની સ્થિતિની વિગતો સાથે આપવી.

સુરત જિલ્લામાં શ્રી બાળ મૃત્યુદર ૦–થી–૬ વર્ષમાં વધુ છે. તે હત્યા છે તેમાં **PC&PNDT ACT** ના પાલન ના થવાથી મૃત્યૃ પામનાર સ્ત્રી ભૃણના માનવ અધિકારનો ભંગ ભ્રષ્ટાચાર કે કાનુન પાલન થવાથી થતો હોઈ કોર્ટ કાર્યવાહી ડીકોય સ્ટ્રીંગ ઓપરેશન કરવા જરૂરી માહિતી ૪૮ કલાકમાં આપવી વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં મુદ્દા નં.૪ ની લાગુ માહિતી ઝોન વાઈઝ વર્ષવાઈઝ માસવાઈઝ ડેટા ઈલેકટ્રોનીક ફોર્મમાં પેન ડ્રાઈવમાં તા.૫–૧૦–૧૦ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે રૂબરૂમાં તેમની સહી મેળવીને આપેલ છે. તેમજ અન્ય માહિતી જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરીએથી પ્રાપ્ત થશે તેની જાણકારી પણ આપેલ છે. તેવું જણાવેલ છે. વધુમાં માહિતી આપ્યાનું લખાણ અરજદારે તેમની અરજીની ઝેરોક્ષ નકલ પણ આપેલ છે જેની નકલ અત્રે રજૂ કરેલ છે. જેમાં અરજદારે તા.૫–૧૦–૧૦ સમય ૫.૦૦ કલાકે મુદ્દા નં.૪ માં ના પ્રાપ્ત ડેટા ઝોન વાઈઝ, વર્ષવાઈઝ ,માસવાઈઝ ડેટા ઈલેકટ્રોનીક ફોર્મમાં એકસલ શીટમાંના ડેટા પેન ડ્રાઈવમાં કોપી કરી અપાયા છે અને અન્ય માહિતી જિલ્લા આરોગ્ય કચેરીએથી પ્રાપ્ત થશેની જાણ કરી છે તેવું જણાવી અરજદારે સહી કરેલ છે. જે બાબતે અરજદારે તા.૨૫–૧૧–૧૦ ના રોજ અપીલ અરજીમાં રૂા.૮૦,૦૦૦/– ભરપાઈ કરી તા.૩–૧૧–૧૦ ના રોજ જિલ્લા પંચાયતના પત્રના સંદર્ભે અપીલ કર્યાની રજૂઆત કરેલ છે. જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/આ.નં.૯૯૧ તા.૨૭–૧૧–૧૦ થી અપીલ અરજી અપીલ અધિકારી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત સુરતને અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ છે. તેથી અત્રેના સત્તા મંડળની માહિતી આરોગ્ય અધિકારી તરફથી પૂરી પડાયેલ અને બાકીની માહિતી જિલ્લા પંચાયતમાંથી મળશે તેની જાણકારી પણ આપવામાં આવેલ છે તેથી અપીલ અરજી અંગે અત્રેથી વિશેષ કંઈ કરવાનું રહેતું નથી. અરજદારે પણ તેમની અપીલ અરજીમાં રૂા.૮૦,૦૦૦/– ની દસ્તાવેજ ફી અંગે તકરારી મુદ્દો ઉઠાવેલ છે જે સુરત મહાનગરપાલિકાને સ્પર્શતો નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/ ડે.કમિશ્નર (સ્પે.)
તારીખ : –૧–૧૧ અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) આરોગ્ય અધિકારી અનુ ઈ.ચા. ડે.કમિ.(હે અનેહો)અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નટુભાઈ પટેલ,